# સંવિધાન ની પ્રસ્તાવના

- 42 મા સંશોધન વડે સમાજવાદી શબ્દ જોડાયો
- સંવિધાન ની પ્રસ્તાવના ને 'સંવિધાનની ચાવી' ની સંજ્ઞા દેવાઇ છે, ઘણીવાર ન્યાયપાલિકા સંવિધાન ના અસ્પષ્ટ મામલાઓમા પ્રસ્તાવના ની સહાયતા લે છે
- બેરૂબારી મામલા મા સર્વોચ્ચ ન્યાયાલયે નિર્ણય આપ્યો કે પ્રસ્તાવના ને સાધારણ કાયદા મુજબ પ્રાથમિકતા ન આપી શકાય પરંતુ 1973 મા કેશવાનન્દ ભારતી મામલામા સર્વોચ્ચ ન્યાયાલયે મત આપ્યો કે પ્રસ્તાવના સંવિધાનનો જ એક ભાગ છે
- અનુચ્છેદ 368 અંતર્ગત સંસદની સંવિધાન સંશોધન શક્તિ સિમિતિ કરવા ન્યાયાલયે પ્રસ્તાવના નો સહારો લીધો – ન્યાયાલયે વિચાર વ્યક્ત કર્યો કે પ્રસ્તાવના મા આપેલા મૂળ સિધ્ધાંતોને અનુચ્છેદ 368 અંતર્ગત બદલી ના શકાય

# સંવિધાન ના પ્રમુખ અનુચ્છેદ

- મૂળ સંવિધાન ને 22 ભાગમા વહેચવામા આવ્યુ હતુ
- 1956 મા સંવિધાન ના 7 મા ભાગને હટાવવામા આવ્યો જેને લીધે ફક્ત 21 ભાગ જ રહ્યા, ત્યારબાદ એક નવો ભાગ જોડ્વામા આવ્યો
- હાલમા ભારતીય સંવિધાન મા કુલ 25 ભાગ (22 ભાગ તથા 3 ઉપભાગ) છે તથા 12 અનુસૂચિ છે

# સંવિધાન ની અનુસૂચિઓ

1. રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોનુ વર્ણન
2. ક. - રાષ્ટ્રપતિ તથા રાજ્યપાલો સંબંધિત

1. ખ. - નિરસિત

1. ગ. - લોકસભા અને વિધાનસભાઓ ના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ, રાજ્યસભા તથા વિધાન પરિષદ ના સભાપતિ તથા ઉપસભાપતિ ના વેતન ભથ્થા

ઘ. - ઉચ્ચતમ તથા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો ના સંબંધમા ઉપબંધ

ડ. – ભારતના નિયંત્રક તથા મહાલેખા પરિક્ષક સંબંધમા ઉપબંધ

1. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વિધાયિકા, મંત્રીઓ, ન્યાયાધીશો વગેરે ના શપથ તથા પ્રતિજ્ઞાન ના પ્રારૂપ (Drafts)
2. રાજ્યસભા મા સ્થાનોની વહેંચણી
3. અનુ. ક્ષેત્રો તથા અનુ. જન જાતિઓ ના પ્રશાસન તથા નિયંત્રણ સંબંધી વ્યવસ્થા

by R. I. Jadeja

Downloaded from WWW.RIJADEJA.com

4. અસમ, મેઘાલય, ત્રિપુરા તથા મિઝોરમ રાજ્યોના જનજાતિય ક્ષેત્રો ના પ્રશાસન સંબંધી વ્યવસ્થા
5. સંઘ સૂચિ, રાજ્ય સૂચિ તથા સમવર્તી સૂચિ
6. ભાષાઓ (સંવિધાન દ્વારા માન્યતા પ્રાપ્ત 22 ભાષાઓ)
7. તેવા અધિનિયમો ની સૂચિ જેની વૈધાનિકતા ને ન્યાયાલયમા પડકારી શકાય નહી (પ્રથમ સંવિધાન સંશોધન અધિનિયમ દ્વાર 1951 મા શામિલ)
8. દલ બદલ સંબંધી કાયદાઓ (52 મા સંશોધન દ્વારા શામીલ)
9. પંચાયતો ની શક્તિઓ, અધિકારો તથા ઉત્તરદાયિત્વ (73 મા સંશોધન દ્વારા શામિલ), નગરપાલિકા ની શક્તિઓ, અધિકારો તથા ઉત્તરદાયિત્વ (74 મા સંશોધન દ્વારા શામિલ)

# મૌલિક અધિકાર

- સંવિધાન ના ત્રીજા ભાગમા મૌલિક અધિકારો નો ઉલ્લેખ કરવામા આવ્યો છે જેનો મુખ્ય ઉદેશ્ય દેશમા કાયદાનુ શાસન લાગૂ કરવાનો છે
- શરૂઆતમા 7 મૌલિક અધિકારો હતા પરંતુ 1979 મા 44 મા સંવિધાન સંશોધન દ્વારા સંપતિના અધિકારને મૌલિક અધિકારની સૂચિ માથી હટાવાયા બાદ ફક્ત 6 મૌલિક અધિકારો છે

- 1. સમાનતાનો અધિકાર
  - વિધિ સમક્ષ સમતા અને વિધિનુ સંરક્ષણ (અનુ. 14)
  - ધર્મ, વંશ, જાતિ, લિંગ અથવા જન્મ સ્થાનના આધારે ભેદભાવ પર પ્રતિબંધ (અનુ. 15)
  - લોક નિયોજન સંદર્ભે અવસરની સમતા (અનુ. 15)
  - અસ્પૃશ્યતાનો અંત (અનુ. 17)
  - ઉપાધિઓનો અંત (અનુ. 18)
- 2. સ્વતંત્રતાનો અધિકાર
  - વાક્ સ્વતંત્રતા માટે દોષસિદ્ધિ સંબંધમા સંરક્ષણ (અનુ. 19)
  - અપરાધો માટે દોષ સિદ્ધિ સંબંધમા સંરક્ષણ (અનુ. 20)
  - પ્રાણ અને દૈહિક સ્વતંત્રતાનુ સંરક્ષણ (અનુ. 21)
  - અમુક દશાઓમા ગિરફ્તારી અને નિરોધમા સંરક્ષણ (અનુ. 22)
- 3. શોષણ વિરૂધ્ધનો અધિકાર
  - માનવનો દુર્વ્યાપાર અને બલાત્ શ્રમ પર પ્રતિબંધ (અનુ. 23)
  - કારખાનાઓમા બાળકોના નિયોજન પર પ્રતિબંધ (અનુ. 24)
- 4. ધર્મની સ્વતંત્રતાનો અધિકાર
  - અંતઃકરણ અને ધર્મને અબાધ રુપથી માનવા, આચરણ કરવા અને પ્રચાર કરવાની સ્વતંત્રતા (અનુ. 25)
  - ધાર્મિક કાર્યોની વ્યવસ્થા કરવા સ્વતંત્રતા (અનુ. 26)
  - કોઇ વિશિષ્ટ ધર્મની અભિવૃદ્ધિ કરવા કરો વિશે સંદાય કરવાની સ્વતંત્રતા (અનુ. 27)
  - અમુક શિક્ષા સંસ્થાઓમા ધાર્મિક ઉપાસનામા ઉપસ્થિત થવા માટે સ્વતંત્રતા (અનુ. 28)



Downloaded from WWW.RIJADEJA.com

- 5. સંસ્કૃતિ તથા શિક્ષાનો અધિકાર
    - અલ્પસંખ્યક વર્ગોના હિતોનુ સંરક્ષણ (અનુ. 29)
    - શિક્ષણ સંસ્થાઓની સ્થાપના અને પ્રશાસન કરવા માટે અલ્પસંખ્યક વર્ગોનો અધિકાર (અનુ. 30)
- 6. સંવૈધાનિક ઉપચારોનો અધિકાર
    - મૂળ અધિકારોને લાગૂ કરવા માટે ઉપચાર (અનુ. 32)
    - અનુ. 32ને ભારતીય સંવિધાનની આત્મા પણ કહે છે

## અંતર્નિહિત અધિકાર

- મૌલિક અધિકાર સિવાય અન્ય અધિકારો ને અંતર્નિહિત અધિકારો કહે છે જેમ કે સમ્માનપૂર્ણ જીવન જીવવાનો અધિકાર, એકાન્તતા (Privacy) નો અધિકાર, શીઘ્ર ન્યાયિક પરીક્ષણ નો અધિકાર, પ્રેસની સ્વતંત્રતા વગેરે

## માહિતિનો અધિકાર

સૂચના અધિનિયમ, 2005 પારિત કરી માહિતિ નો અધિકાર બનાવવામા આવ્યો જેના અંતર્ગત પ્રજા સરકારી ખાતાની માહિતિ કઢાવી શકે,સરકારે તે માહિતિ 30 દિવસમા ઉપલબ્ધ કરાવવી પડે જો તે સૂચના આપવામા ના આવે તો તેના વિરૂધ્ધ અપીલ થઇ શકે

- પહેલી અપીલ સૂચના અધિકારી ના ઉપરી અધિકારી ને કરવામા આવે છે, બીજી અપીલ સૂચના આયોગને અને ત્રીજી અપીલ ઉચ્ચ ન્યાયાલય ને થઇ શકે
- IB, RAW, BSF, CISF, NSG જેવા ગુપ્તચર અને સુરક્ષા સંગઠનોની માહિતિ લઇ શકાય નહી

## શિક્ષાનો અધિકાર

- 86 મા સંવિધાન સંશોધન દ્વારા 2002 મા શિક્ષાનો અધિકાર પ્રદાન કરવામા આવ્યો છે
- 6 થી 14 વર્ષના બાળકને નિઃશુલ્ક તથા અનિવાર્ય શિક્ષણ
- શિક્ષણ થી વંચિત રખાય તો તે બાળક ન્યાયાલય મા જઇ શકે
- રાષ્ટ્રપતિ અનુચ્છેદ 352 અંતર્ગત આપાતકાલિન ની ઘોષણા કરે તો સંવિધાન દ્વારા આપેલ અનુચ્છેદ 19 મુજબ ની બધી સ્વતંત્રતાઓ સ્થગિત થઇ જાય છે
- રાષ્ટ્રપતિ અન્ય અધિકારો વિશેષ આદેશો દ્વારા સ્થગિત કરી શકે છે પરંતુ આ આદેશો ની પુષ્ટિ સંસદ દ્વારા થવી આવશ્યક છે

## સંવિધાનના સમગ્ર અનુચ્છેદો

## ભાગ – 1 (સંઘ અને તેનુ રાજ્યક્ષેત્ર)

અનુચ્છેદ 1 – સંઘ નુ નામ અને રાજ્યક્ષેત્ર

અનુચ્છેદ 2 – નવા રાજ્યો નો પ્રવેશ અથવા સ્થાપના

અનુચ્છેદ 2(ક) – (સિક્કિમ નુ સંઘ સાથે સહયુક્ત થવુ) 36 મા સંશોધન અધિનિયમ, 19375 ની ધારા 5 નિરસિત

અનુચ્છેદ 3 – નવા રાજ્યો નુ નિર્માણ અને વર્તમાન રાજ્યો ના ક્ષેત્રો, સીમાઓ અથવા નામ મા પરિવર્તન

અનુચ્છેદ 4 – પહેલી અનુસૂચિ તથા ચોથી અનુસૂચિ ના સંશોધન તથા અનુપૂરક, આનુષાંગિક અને પારિણામિક વિષયો નો ઉપબંધ કરવા માટે અનુચ્છેદ 2 અને 3 ને અધીન બનાવાયેલી વિધિઓ

## ભાગ – 2 (નાગરિકતા)

અનુચ્છેદ 5 – સંવિધાન ના પ્રારંભ મા નાગરિકતા

અનુચ્છેદ 6 – પાકિસ્તાન થી ભારત મા પ્રવજન કરનારા વ્યક્તિઓની નાગરિકતા ના અધિકાર

અનુચ્છેદ 7 – પાકિસ્તાન પ્રવજન કરનારા વ્યક્તિઓની નાગરિકતા ના અધિકાર

અનુચ્છેદ 8 – ભારત થી બહાર રહેનારા ભારતીય ઉદભવ ના અમુક વ્યક્તિઓ ની નાગરિકતા ના અધિકાર

અનુચ્છેદ 9 – વિદેશી રાજ્ય ની નાગરિકતા સ્વેચ્છા થી અર્જિત કરનારા વ્યક્તિઓ નુ નાગરિક ન હોવુ

અનુચ્છેદ 10 – નાગરિકતા ના અધિકારો નુ બન્યુ રહેવુ

અનુચ્છેદ 11 – સંસદ દ્વારા નાગરિકતા ના અધિકાર નુ વિધિ દ્વારા વિનિયમન કરવુ

## ભાગ – 3 (મૂળભૂત અધિકારો)

અનુચ્છેદ 12 – પરિભાષા

અનુચ્છેદ 13 – મૂળ અધિકારો ને અસંગત અથવા તેનુ અલ્પીકરણ કરવાની વિધિઓ

સમાનતા નો અધિકાર

અનુચ્છેદ 14 – વિધિ સમક્ષ સમાનતા

અનુચ્છેદ 15 – ધર્મ, મૂળવંશ, જાતિ, લિંગ અથવા જન્મસ્થાન ના આધારે વિભેદ નો પ્રતિબંધ

અનુચ્છેદ 16 – લોક નિયોજન ના વિષય મા અવસર ની સમાનતા

અનુચ્છેદ 17 – અસ્પૃશ્યતા નો અંત

અનુચ્છેદ 18 – ઉપાધીઓ નો અંત

સ્વતંત્રતા નો અધિકાર

અનુચ્છેદ 19 – વાક-સ્વાતંત્ર વિષયક અધિકારો નુ સંરક્ષણ

અનુચ્છેદ 20 – અપરાધો માટે દોષસિધ્ધિ સંબંધ મા સંરક્ષણ

અનુચ્છેદ 21 – પ્રાણ અને દૈહિક સ્વતંત્રતા નુ સંરક્ષણ

અનુચ્છેદ 21A – શિક્ષા નો અધિકાર

અનુચ્છેદ 22 – અમુક પરિસ્થિતિઓ મા ધરપકડ અને નિરોધ થી સંરક્ષણ



Downloaded from WWW.RIJADEJA.com

શોષણ વિરૂધ્ધ અધિકાર

અનુચ્છેદ 23 – માનવ ના દુર્વ્યાપાર અને બાળશ્રમ નો પ્રતિબંધ

અનુચ્છેદ 24 – કારખાનો, ખાણો વગેરે મા બાળકો ના નિયોજન નો પ્રતિબંધ

ધર્મ ની સ્વતંત્રતા

અનુચ્છેદ 25 – અંતઃકરણ ની અને ધર્મ ને અબાદ્ય રૂપ થી માનવાની, આચરણ કરવાની અને પ્રચાર કરવાની સ્વતંત્રતા

અનુચ્છેદ 26 – ધાર્મિક કાર્યો ના પ્રબંધ ની સ્વતંત્રતા

અનુચ્છેદ 27 – કોઇ વિશિષ્ટ ધર્મ ની અભિવૃધ્ધિ માટે કરો ના સંદાય વિષે સ્વતંત્રતા

અનુચ્છેદ 28 – અમુક શિક્ષા સંસ્થાઓ મા ધાર્મિક શિક્ષા અથવા ધાર્મિક ઉપાસના મા ઉપસ્થિત હોવાની સ્વતંત્રતા

સંસ્કૃતિ અને શિક્ષા સંબંધી અધિકાર

અનુચ્છેદ 29 – અલ્પસંખ્યક – વર્ગો ના હિતો નુ સંરક્ષણ

અનુચ્છેદ 30 – શિક્ષા સંસ્થાઓ ની સ્થાપના અને પ્રશાસન કરવાનો અલ્પસંખ્યક વર્ગો નો અધિકાર

અનુચ્છેદ 31 – સંપતિ નુ અર્જન (44 મા સંશોધન અધિનિયમ 1978 ની ધારા 6 દ્વારા નિરસિત)

અમુક વિધિઓ ની વ્યાવૃતિ

અનુચ્છેદ 31ક – સંપાદાઓ વગેરે ના અર્જન માટે ઉપબંધ કરનારી વિધિઓની વ્યાવૃતિ

અનુચ્છેદ 31ખ – અમુક અધિનિયમો અને વિનિયમો નુ વિધિમાન્યકરણ

અનુચ્છેદ 31ગ – અમુક નિદેશક તત્વો ને પ્રભાવી કરનારી વિધિઓ ની વ્યાવૃતિ

અનુચ્છેદ 31ઘ – રાષ્ટ્ર વિરોધી ક્રિયાકલાપ ના સંબંધ મા વિધિઓ ની વ્યાવૃતિ (41 મા સંશોધન અધિનિયમ, 1977 ની ધારા 2 દ્વારા નિરસિત)

સંવૈધાનિક ઉપચારો નો અધિકાર

અનુચ્છેદ 32 – આ ભાગ દ્વારા પ્રદત્ત અધિકારો ને પ્રવર્તિત કરવા માટેના ઉપચાર

અનુચ્છેદ 32ક – રાજ્ય વિધિઓ ની સંવિધાનિક વૈધતા પર અનુચ્છેદ 32 ને અધીન કાર્યવાહીઓ મા વિચાર ન કરવો (43 મા સંશોધન અધિનિયમ, 1977 ની ધારા 2 દ્વારા નિરસિત)

અનુચ્છેદ 33 – આ ભાગ દ્વારા પ્રદત્ત અધિકારો નુ, બળ વગેરે લાગૂ હોવા મા, રૂપાંતરણ કરવાની સંસદ ની શક્તિ

અનુચ્છેદ 34 – જ્યારે કોઇ ક્ષેત્ર મા સેના વિધિ પ્રવૃત્ત હોય ત્યારે આ ભાગ દ્વારા પ્રદત્ત અધિકારો નુ નિલંબન

અનુચ્છેદ 35 – આ ભાગ ને પ્રભાવી કરવા માટે વિધાન

## ભાગ – 4 (રાજ્ય ના નીતિ નિદેશક તત્વ)

અનુચ્છેદ 36 – પરિભાષા

અનુચ્છેદ 37 – આ ભાગ મા અંતર્વિષ્ટ તત્વો નુ લાગૂ થવુ

અનુચ્છેદ 38 – રાજ્ય લોક વ્યવસ્થા ની અભિવૃધ્ધિ માટે સામાજીક વ્યવસ્થા બનાવશે

અનુચ્છેદ 39 – રાજ્ય દ્વારા અનુસરણીય અમુક નીતિ તત્વ

અનુચ્છેદ 39ક – સમાન ન્યાય અને નિઃશુલ્ક કાયદાકીય સહાયતા

અનુચ્છેદ 40 – ગ્રામ પંચાયતો નુ ગઠન

અનુચ્છેદ 41 – અમુક દશાઓમા કામ, શિક્ષા અને લોક સહાયતા મેળવાનો અધિકાર



Downloaded from WWW.RIJADEJA.com

અનુચ્છેદ 42 – કામ ની ન્યાયસંગત અને માનવોચિત દશાઓ નુ તથા પ્રસૂતિ સહાયતા ની વ્યવસ્થા
અનુચ્છેદ 43 – કર્મકારો માટે નિર્વાહ મજદૂરી
અનુચ્છેદ 43ક – ઉદ્યોગો ના પ્રબંધ મા કર્મકારો નો ભાગ લેવો
અનુચ્છેદ 44 – નાગરિકો માટે એક સમાન સિવિલ સંહિતા
અનુચ્છેદ 45 – બાળકો માટે નિઃશુલ્ક અને અનિવાર્ય શિક્ષા ની વ્યવસ્થા
અનુચ્છેદ 46 – અનુ. જાતિઓ, અનુ. જનજાતિઓ અને અન્ય દુબળા વર્ગો ની શિક્ષા અને અર્થ સંબંધી હિતો ની અભિવૃધ્ધિ
અનુચ્છેદ 47 – પોષાહાર સ્તર અને જીવન સ્તર ને ઉંચુ લેવા તથા લોક સ્વાસ્થય નો સુધાર કરવાનુ રાજ્ય નુ કર્તવ્ય
અનુચ્છેદ 48 – કૃષિ અને પશુપાલન નુ સંગઠન
અનુચ્છેદ 48ક – પર્યાવરણ સંરક્ષણ તથા સંવર્ધન અને વન તથા અન્ય જીવો ની રક્ષા
અનુચ્છેદ 49 – રાષ્ટ્રીય મહત્વના સંસ્મારકો, સ્થાનો અને વસ્તુઓનુ સંરક્ષણ
અનુચ્છેદ 50 – કાર્યપાલિકા થી ન્યાયપાલિકા નુ પૃથ્થકરણ
અનુચ્છેદ 51 – આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા ની અભિવૃધ્ધિ
ભાગ – 4ક (મૂળ કર્તવ્ય)
અનુચ્છેદ 51ક – મૂળ કર્તવ્ય

## ભાગ – 5 (સંઘ)

અધ્યાય – 1, કાર્યપાલિકા
રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ
અનુચ્છેદ 52 – ભારત ના રાષ્ટ્રપતિ
અનુચ્છ્દ 53 – સંઘની કાર્યપાલિક શક્તિ
અનુચ્છેદ 54 – રાષ્ટ્રપતિ નુ નિર્વાચન
અનુચ્છેદ 55 – રાષ્ટ્રપતિ ના નિર્વાચન ની પધ્ધતિ
અનુચ્છેદ 56 – રાષ્ટ્રપતિ ની પદ અવધિ
અનુચ્છેદ 57 – પુનર્નિર્વાચન માટે પાત્રતા
અનુચ્છેદ 58 – રાષ્ટ્રપતિ નિર્વાચિત થવા માટે યોગ્યતાઓ
અનુચ્છેદ 59 – રાષ્ટ્રપતિ પદ માટે શર્તો
અનુચ્છેદ 60 – રાષ્ટ્રપતિ દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞાન
અનુચ્છેદ 61 – રાષ્ટ્રપતિ પર મહાભિયોગ ચલાવવાની પ્રક્રિયા
અનુચ્છેદ 62 – રાષ્ટ્રપતિ ના પદ મા ખાલી જગ્યા ભરવા માટે નિર્વાચન નો સમય અને આકસ્મિક ખાલી જગ્યા ભરવા માટે નિર્વાચિત વ્યક્તિ ની પદાવધિ
અનુચ્છેદ 63 – ભારત ના ઉપરાષ્ટ્રપતિ
અનુચ્છેદ 64 – ઉપરાષ્ટ્રપતિ નુ રાજ્યસભા નુ પદેન સભાપતિ હોવુ
અનુચ્છેદ 65 – રાષ્ટ્રપતિ ના પદ મા આકસ્મિક ખાલી જગ્યા દરમિયાન અથવા તેની અનુપસ્થિતિ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ ના રૂપમા કાર્ય અને તેનુ નિર્વાહન

અનુચ્છેદ 66 – ઉપરાષ્ટ્રપતિ નુ નિર્વાહન
અનુચ્છેદ 67 – ઉપરાષ્ટ્રપતિ ની પદાવધિ
અનુચ્છેદ 68 - ઉપરાષ્ટ્રપતિ ના પદ મા ખાલી જગ્યા ભરવા માટે નિર્વાચન નો સમય અને આકસ્મિક ખાલી જગ્યા ભરવા માટે નિર્વાચિત વ્યક્તિ ની પદાવધિ
અનુચ્છેદ 69 – ઉપરાષ્ટ્રપતિ દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞાન
અનુચ્છેદ 70 – અન્ય આકસ્મિકતાઓ મા રાષ્ટ્રપતિ ના કૃત્યો નુ નિર્વાહન
અનુચ્છેદ 71 – રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ના નિર્વાચન સંબંધી વિષય
અનુચ્છેદ 72 – રાષ્ટ્રપતિ ની ક્ષમા દેવાની, દંડ મા વિલંબ કરવાની અને દંડ ઘટાડવાની શક્તિ
અનુચ્છેદ 73 – સંઘ ની કાર્યપાલિકા શક્તિ નો વિસ્તાર
મંત્રી પરિષદ
અનુચ્છેદ 74 – રાષ્ટ્રપતિ ને સહાય અને સલાહ દેવા માટે મંત્રીપરિષદ
અનુચ્છેદ 75 – મંત્રીઓ વિશે અન્ય ઉપબંધ
અનુચ્છેદ 76 – ભારત ના મહાન્યાયવાદી
સરકારી કાર્ય નુ સંચાલન
અનુચ્છેદ 77 – ભારત સરકાર ના કાર્યો નુ સંચાલન
અનુચ્છેદ 78 – રાષ્ટ્રપતિ ને જાણકારી દેવાના સંબંધમા પ્રધાનમંત્રી નુ કર્તવ્ય

અધ્યાય – 2 (સંસદ)
સાધારણ
અનુચ્છેદ 79 – સંસદ નુ ગઠન
અનુચ્છેદ 80 – રાજ્ય સભા ની સંરચના
અનુચ્છેદ 81 – લોકસભા ની સંરચના
અનુચ્છેદ 82 – પ્રત્યેક જનગણના બાદ તેનુ પુનઃ સમાયોજન
અનુચ્છેદ 83 – સંસદ ના સદનો ની અવધિ
અનુચ્છેદ 84 – સંસદ ની સદસ્યતા માટે યોગ્યતા
અનુચ્છેદ 85 – સંસદ નુ સત્ર, સત્રાવસાન અને વિઘટન
અનુચ્છેદ 86 – સદન મા અભિભાષણ અને સંદેશ મોકલવાનો રાષ્ટ્રપતિ નો અધિકાર
અનુચ્છેદ 87 – રાષ્ટ્રપતિ નુ વિશેષ અભિભાષણ
અનુચ્છેદ 88 – સદનો વિશે મંત્રીઓ અને મહાન્યાયવાદીઓ ના અધિકાર
સંસદ ના અધિકારી
અનુચ્છેદ 89 – રાજ્યસભા ના સભાપતિ અને ઉપસભાપતિ
અનુચ્છેદ 90 – ઉપસભાપતિ ની પદ રિક્તિ, પદ ત્યાગ અને પદ થી હટાવવુ
અનુચ્છેદ 91 – સભાપતિ ના પદ ના કર્તવ્યો નુ પાલન કરવુ અથવા સભાપતિ રૂપ મા કાર્ય કરવાની ઉપસભાપતિ ની અથવા અન્ય વ્યક્તિ ની શક્તિઓ


Downloaded from WWW.RIJADEJA.com

અનુચ્છેદ 92 – જ્યારે સભાપતિ અથવા ઉપસભાપતિ ને પદ થી હટાવવા નો કોઇ વિચાર વિચારાધીન હોય ત્યારે તેનુ પીઠાસીન ના હોવુ

અનુચ્છેદ 93 – લોકસભા ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

અનુચ્છેદ 94 – અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની પદ રિક્તિ, પદ ત્યાગ અને પદ થી હટાવવુ

અનુચ્છેદ 95 – અધ્યક્ષ ના પદ ના કર્તવ્યો નુ પાલન કરવુ અથવા અધ્યક્ષ રૂપ મા કાર્ય કરવાની ઉપાધ્યક્ષ ની અથવા અન્ય વ્યક્તિ ની શક્તિઓ

અનુચ્છેદ 96 - જ્યારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ ને પદ થી હટાવવા નો કોઇ વિચાર વિચારાધીન હોય ત્યારે તેનુ પીઠાસીન ના હોવુ

અનુચ્છેદ 97 – સભાપતિ અને ઉપસભાપતિ તથા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ના વેતન અને ભથ્થા

અનુચ્છેદ 98 – સંસદ નુ સચિવાલય

કાર્ય સંચાલન

અનુચ્છેદ 99 – સદસ્યો દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞાન

અનુચ્છેદ 100 – સદનો મા મતદાન, રિક્તિઓ હોવા છતા પણ સદન મા કાર્ય કરવાની શક્તિ અને ગણપૂર્તિ

સદસ્યો ની યોગ્યતાઓ

અનુચ્છેદ 101 – સ્થનો ખાલી થવા

અનુચ્છેદ 102 – સદસ્યતા માટે યોગ્યતાઓ

અનુચ્છેદ 103 – સદસ્યો ની યોગ્યતાઓ થી સંબંધિત પ્રશ્નો પર વિનિશ્ચય અનુચ્છેદ 99 ને અધીન શપથ અથવા પ્રતિજ્ઞાન કરતા પહેલા યોગ્ય અથવા અયોગ્ય કર્યા બાદ બેસવાની અને મત દેવાની શક્તિ

સંસદ અને તેના સદસ્યો ની શક્તિઓ, વિશેષાધિકાર અને મુક્તિઓ

અનુચ્છેદ 105 – સંસદ ના સદનો તથા તેના સદસ્યો અને સમિતિ ઓ ની શક્તિઓ, વિશેષાધિકારો વગેરે

અનુચ્છેદ 106 – સદસ્યો ના વેતન અને ભથ્થા

વિધાયી પ્રક્રિયા

અનુચ્છેદ 107 – વિધેયકો ને પારિત અથવા પુનઃસ્થાપન કરવા સંબંધી વ્યવસ્થા

અનુચ્છેદ 108 – અમુક સ્થિતિ ઓ મા બન્ને સદનની સંયુક્ત બેઠક

અનુચ્છેદ 109 – ધન વિધેયક સંબંધમા વિશેષ પ્રક્રિયા

અનુચ્છેદ 110 – ધન વિધેયક ની પરિભાષા

અનુચ્છેદ 111 – વિધેયકો પર અનુમતિ

વિત્તીય વિષયો ના સંબંધ મા પ્રક્રિયા

અનુચ્છેદ 112 – વાર્ષિક વિત્તીય વિતરણ

અનુચ્છેદ 113 – સંસદ મા પ્રાક્કલનો ના સંબંધ મા પ્રક્રિયા

અનુચ્છેદ 114 – વિનિયોગ વિધેયક

અનુચ્છેદ 115 – અનુપૂરક, અતિરિક્ત અથવા અનુદાન

અનુચ્છેદ 116 – લેખાનુદાન, પ્રત્યયાનુદાન અને અપવાદાનુદાન

અનુચ્છેદ 117 – વેત્ત વિધેયક વિશે વિશેષ ઉપબંધ

સાધારણ પ્રક્રિયા

અનુચ્છેદ 118 – પ્રક્રિયા ના નિયમ

અનુચ્છેદ 119 – સંસદ મા વિત્તીય કાર્ય સંબંધી પ્રક્રિયા નુ વિધિ દ્વારા વિનિયમન

અનુચ્છેદ 120 – સંસદ મા પ્રયોગ મા લેવાની ભાષા

અનુચ્છેદ 121 – સંસદ મા ચર્ચા પર નિર્બંધન

અનુચ્છેદ 122 – ન્યાયાલયો દ્વારા સંસદ ની કાર્યવાહિઓ મા તપાસ ના કરવી

રાષ્ટ્રપતિ ની વિધાયી શક્તિઓ

અનુચ્છેદ 123 – સંસદ ના વિશ્રાંતકાલ મા અધ્યાદેશ જાહેર કરવાની રાષ્ટ્રપતિ ની સ્થિતિ

અધ્યાય – 4(સંઘ ની ન્યાયપાલિકા)

અનુચ્છેદ 124 – સુપ્રિમ કોર્ટ ની સ્થાપના અને ગઠન

અનુચ્છેદ 125 – ન્યાયાધીશો ના વેતન

અનુચ્છેદ 126 – કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ ની નિયુક્તિ

અનુચ્છેદ 127 – તદર્થ ન્યાયાધીશો ની નિયુક્તિ

અનુચ્છેદ 128 – સુપ્રિમ કોર્ટ ની બેઠકો મા સેવાનિવૃત ન્યાયાધીશો ની ઉપસ્થિતિ

અનુચ્છેદ 129 – સુપ્રિમ કોર્ટ નુ અભિલેખ હોવુ

અનુચ્છેદ 130 – સુપ્રિમ કોર્ટ નુ સ્થાન

અનુચ્છેદ 131 – સુપ્રિમ કોર્ટ ની આરંભિક અધિકારિતા

અનુચ્છેદ 131ક – કેન્દ્રીય વિધિઓ ની સાંવિધાનિક વૈધતા થી સંબંધિત અધિકારિતા (41 મા સંશોધન અધિનિયમ, 1977 ની ધારા 4 દ્વારા નિરસિત)

અનુચ્છેદ 132 – અમુક સ્થિતિઓ મા હાઇ કોર્ટ ની અપીલો મા સુપ્રિમ કોર્ટ ની અપીલી અધિકારિતા

અનુચ્છેદ 133 – હાઇ કોર્ટ ના સિવિલ વિષયો થી સંબંધિત અપીલો મા સુપ્રિમ કોર્ટ ની અપીલી અધિકારિતા

અનુચ્છેદ 134 – દંડિક વિષયોમા સુપ્રિમ કોર્ટ ની અપીલી અધિકારિતા

અનુચ્છેદ 134ક – સુપ્રિમ કોર્ટ મા અપીલ માટે પ્રમાણ પત્ર

અનુચ્છેદ 135 – વિદ્યમાન વિધિ ને અધીન ફેડરલ ન્યાયાલય ની અધિકારિતા અને શક્તિઓ નુ સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રયોક્તવ્ય હોવુ

અનુચ્છેદ 136 – અપીલ માટે સુપ્રિમ કોર્ટ ની વિશેષ રજા

અનુચ્છેદ 137 – નિર્ણયો અને આદેશો નુ સુપ્રિમ કોર્ટ દ્વારા પુનર્વિલોકન

અનુચ્છેદ 138 – સુપ્રિમ કોર્ટ ની અધિકારિતા ની વૃધ્ધિ

અનુચ્છેદ 139 – અમુક રીટ બહાર પાડવાની શક્તિઓ સુપ્રિમ કોર્ટને આપવી

અનુચ્છેદ 139ક – અમુક મામલાઓ મા અંતરણ

અનુચ્છેદ 140 – સુપ્રિમ કોર્ટ ની આનુસાંગિક શક્તિઓ

અનુચ્છેદ 141 – સુપ્રિમ કોર્ટ દ્વારા ઘોષિત વિધિઓ નુ બધા ન્યાયાલયો મા આબધ્ધકારી હોવુ

અનુચ્છેદ 142 – સુપ્રિમ કોર્ટ ની ડિક્રિઓ અને આદેશો ના પ્રવર્તન અને પ્રગટીકરણ વિશે આદેશ

અનુચ્છેદ 143 – સુપ્રિમ કોર્ટ પાસેથી પરામર્શ લેવાની રાષ્ટ્રપતિ ની શક્તિ



Downloaded from WWW.RIJADEJA.com

અનુચ્છેદ 144 – સિવિલ અને ન્યાયિક પ્રાધિકારિઓ દ્વારા સુપ્રિમ કોર્ટ ની સહાયતા કાર્ય કરવુ
અનુચ્છેદ 144ક – વિધિઓ ની સાંવિધાનિક વૈધતા થી સંબંધિત પ્રશ્નો ના ઉકેલ માટે વિશેષ વ્યવસ્થા (43 મા સંશોધન અધિનિયમ, 1977 ની ધારા 5 દ્વારા નિરસિત)
અનુચ્છેદ 145 – ન્યાયાલય ના નિયમો
અનુચ્છેદ 146 – સુપ્રિમ કોર્ટ ના અધિકારી અને સેવકો તથા વ્યય
અનુચ્છેદ 147 – નિર્વચન
અધ્યાય – 5 (ભારત ના નિયંત્રક-મહાલેખા પરીક્ષક)
અનુચ્છેદ 148 – ભારત ના નિયંત્રક મહાલેખાપરીક્ષક
અનુચ્છેદ 149 – નિયંતક મહાલેખાપરીક્ષક ના કર્તવ્ય અને શક્તિઓ
અનુચ્છેદ 150 – સંઘ અને રાજ્યો ના લેખાઓ ના પ્રારૂપ
અનુચ્છેદ 151 – સંપરીક્ષા પ્રતિવેદન

## ભાગ – 6 (રાજ્ય)

અધ્યાય -1 (સાધારણ)
અનુચ્છેદ 152 – પરિભાષા
અધ્યાય – 2 (કાર્યપાલિકા)
રાજ્યપાલ
અનુચ્છેદ 153 – રાજ્યોના રાજ્યપાલ
અનુચ્છેદ 154 – રાજ્ય ની કાર્યપાલિકા શક્તિ
અનુચ્છેદ 155 – રાજ્યપાલ ની નિયુક્તિ
અનુચ્છેદ 156 – રાજ્યપાલ ની પદાવધિ
અનુચ્છેદ 157 – રાજ્યપાલ નિયુક્ત થવા માટે યોગ્યતાઓ
અનુચ્છેદ 158 – રાજ્યપાલ ના પદ માટે શર્તો
અનુચ્છેદ 159 – રાજ્યપાલ દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞાન
અનુચ્છેદ 160 – અમુક આકસ્મિકતાઓ મા રાજ્યપાલના કૃત્યો નુ નિર્વહન
અનુચ્છેદ 161 – રાજ્યપાલ ની ક્ષમા દેવાની, દંડ મા વિલંબ કરવાની અને દંડ ઘટાડવાની શક્તિ
અનુચ્છેદ 162 – રાજ્ય ની કાર્યપાલિકા શક્તિ નો વિસ્તાર
મંત્રિ પરિષદ
અનુચ્છેદ 163 – રાજ્યપાલ ને સહાયતા અને સલાહ દેવા માટે મંત્રિ પરિષદ
અનુચ્છેદ 164 – મંત્રિઓ વિશે ઉપબંધ
રાજ્ય ના મહાધિવક્તા
અનુચ્છેદ 165 – રાજ્ય ના મહાધિવક્તા
અનુચ્છેદ 166 – રાજ્ય ની સરકાર ના કાર્યો નુ સંચાલન



Downloaded from WWW.RIJADEJA.com

અનુચ્છેદ 167 – રાજ્યપાલ ને જાણકારી દેવા સંબંધમા મુખ્યમંત્રી નુ કર્તવ્ય

અધ્યાય – 3 (રાજ્ય નુ વિધાન મંડળ)

સાધારણ

અનુચ્છેદ 168 – રાજ્યો ના વિધાન મંડળો નુ ગઠન

અનુચ્છેદ 169 – રાજ્યો મા વિધાન પરિષદો નુ ઉત્સાદન અથવા સૃજન

અનુચ્છેદ 170 – વિધાન સભાઓ ની સંરચના

અનુચ્છેદ 171 – વિધાન પરિષદો ની સંરચના

અનુચ્છેદ 172 – રાજ્યો ના વિધાન મંડળો ની અવધિ

અનુચ્છેદ 173 – રાજ્ય ના વિધાન મંડળ ની સદસ્યતા માટે યોગ્યતા

અનુચ્છેદ 174 – રાજ્ય ના વિધાન મંડળ ના સત્ર, સત્રાવસાન અને વિઘટન

અનુચ્છેદ 175 – સદન અથવા સદનો મા અભિભાષણ અને તેમને સંદેશ મોકલવાનો રાજ્યપાલનો અધિકાર

અનુચ્છેદ 176 – રાજ્યપાલ નુ વિશેષ અભિભાષણ

અનુચ્છેદ 177 – સદનો વિશે મંત્રિઓ તથા મહાધિવક્તા ના અધિકાર

રાજ્ય ના વિધાન મંડળ ના અધિકાર

અનુચ્છેદ 178 – વિધાન સભા ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

અનુચ્છેદ 179 – અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ નુ પદ ખાલી થવુ, પદત્યાગ અને પદ થી હટાવવા

અનુચ્છેદ 180 – અધ્યક્ષ ના પદ ના કર્તવ્યો નુ પાલન કરવુ અથવા અધ્યક્ષ ના રૂપ મા કાર્ય કરવાની ઉપાધ્યક્ષ ની અથવા અન્ય વ્યક્તિ ની શક્તિ

અનુચ્છેદ 181 – જ્યારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ ને પદથી હટાવવાનો કોઇ સંકલ્પ વિચારાધીન હોય ત્યારે તેનુ પીઠાસીન ન હોવુ

અનુચ્છેદ 182 – વિધાન પરિષદ ના સભાપતિ તથા ઉપસભાપતિ

અનુચ્છેદ 183 – સભાપતિ અને ઉપસભાપતિ નુ પદ ખાલી થવુ, પદત્યાગ અને પદ થી હટાવવા

અનુચ્છેદ 184 – સભાપતિ ના પદ ના કર્તવ્યો નુ પાલન કરવુ અથવા સભાપતિ ના રૂપ મા કાર્ય કરવાની ઉપસભાપતિ ની અથવા અન્ય વ્યક્તિ ની શક્તિ

અનુચ્છેદ 185 – જ્યારે સભાપતિ અથવા ઉપસભાપતિ ને પદથી હટાવવાનો કોઇ સંકલ્પ વિચારાધીન હોય ત્યારે તેનુ પીઠાસીન ન હોવુ

અનુચ્છેદ 186 – અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા સભાપતિ અને ઉપસભાપતિ ના વેતન ભથ્થા

અનુચ્છેદ 187 – રાજ્ય ના વિધાન મંડળ ના સચિવાલય

અનુચ્છેદ 188 – સદસ્યો ના શપથ અથવા પ્રતિજ્ઞાન

અનુચ્છેદ 189 – સદનો મા મતદાન, રિક્તિઓ હોવા છતા પણ સદનો ની કાર્ય કરવાની શક્તિ અને ગણપૂર્તિ

સદસ્યો ની નિરર્હતાઓ

અનુચ્છેદ 190 – સ્થાનો નુ ખાલી થવુ
અનુચ્છેદ 191 – સદસ્યતા માટે નિરર્હતાઓ
અનુચ્છેદ 192 – સદસ્યો ની નિરર્હતાઓ થી સંબંધિત પ્રશ્નો પર વિનિશ્ચ
અનુચ્છેદ 193 – અનુચ્છેદ 188 ને અધીન શપથ લેવા અથવા પ્રતિજ્ઞાન કરતા પહેલા અથવા અર્હિત ન થતા અથવા નિરર્હિત કરવા પર બેસવા અને મત દેવા માટે શક્તિ

રાજ્યો ના વિધાન મંડળો અને તેના સદસ્યો ની શક્તિઓ, વિશેષાધિકાર અને મુક્તિઓ
અનુચ્છેદ 194 – વિધાન મંડળો ના સદનો ની તથા તેના સદસ્યો અને સમિતિઓ ની શક્તિઓ, વિશેષાધિકાર વગેરે
અનુચ્છેદ 195 – સદસ્યો ના વેતન અને ભથ્થા

વિધાયી પ્રક્રિયા
અનુચ્છેદ 196 – વિધેયકો ને પુરઃસ્થાપન અને પારિત કરવાના સંબંધ મા ઉપબંધ
અનુચ્છેદ 197 – ધન વિધેયકો થી ભિન્ન વિધેયકો વિશે વિધાન પરિષદ ની શક્તિઓ પર નિર્બંધન
અનુચ્છેદ 198 – ધન વિધેયકો ના સંબંધ મા વિશેષ પ્રક્રિયા
અનુચ્છેદ 199 – ધન વિધેયક ની પરિભાષા
અનુચ્છેદ 200 – વિધેયકો પર અનુમતિ
અનુચ્છેદ 201 – વિચાર માટે આરક્ષિત વિધેયક
વિત્તીય વિષયો ના સંબંધ મા પ્રક્રિયા
અનુચ્છેદ 202 – વાર્ષિક વિત્તીય વિવરણ
અનુચ્છેદ 203 – વિધાન મંડળ મા પ્રાક્કલનો સંબંધ મા પ્રક્રિયા
અનુચ્છેદ 204 – વિનિયોગ વિધેયક
અનુચ્છેદ 205 – અનુપૂરક, અતિરિક્ત અથવા અધિક અનુદાન
અનુચ્છેદ 206 – લેખાનુદાન, પ્રત્યયાનુદાન અને અપવાદાનુદાન
અનુચ્છેદ 207 – વિત્ત વિધેયકો વિશે વિશેષ ઉપબંધ
સાધારણ પ્રક્રિયા
અનુચ્છેદ 208 – પ્રક્રિયા ના નિયમ
અનુચ્છેદ 209 – રાજ્ય ના વિધાન મંડળ મા વિત્તીય કાર્ય સંબંધી પ્રક્રિયા નુ વિધિ દ્વારા વિનિયમન
અનુચ્છેદ 210 – વિધાન મંડળ મા પ્રયોગ થનારી ભાષા
અનુચ્છેદ 211 – વિધાન મંડળ મા ચર્ચા પર નિર્બંધન
અનુચ્છેદ 212 – ન્યાયાલયો દ્વારા વિધાન મંડળ ની કાર્યવાહીઓ ની તપાસ ન કરવી

અધ્યાય – 4
રાજ્યપાલ ની વિધાયી શક્તિઓ
અનુચ્છેદ 213 – વિધાન મંડળ ના વિશ્રાંતિકાળ મા અધ્યાદેશ પ્રખ્યાપિત કરવાની રાજ્યપાલ ની શક્તિ

અધ્યાય – 5

રાજ્યો ના ઉચ્ચ ન્યાયાલયો

અનુચ્છેદ 214 – રાજ્યો માટે ઉચ્ચ ન્યાયાલયો

અનુચ્છેદ 215 – ઉચ્ચ ન્યાયાલયો નુ અભિલેખ ન્યાયાલય હોવુ

અનુચ્છેદ 216 – ઉચ્ચ ન્યાયાલયો નુ ગઠન

અનુચ્છેદ 217 – ઉચ્ચ ન્યાયાલય ના ન્યાયધીશ ની નિયુક્તિ અને તેના પદ ની શર્તો

અનુચ્છેદ 218 – ઉચ્ચતમ ન્યાયલય થી સંબંધિત અમુક ઉપબંધ નુ ઉચ્ચ ન્યાયાલયો મા લાગૂ હોવુ

અનુચ્છેદ 219 – ઉચ્ચ ન્યાયાલયો ના ન્યાયાધીશો દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞાન

અનુચ્છેદ 220 – સ્થાયી ન્યાયાધીશ રહ્યા પછી વિધિ વ્યવસાય પર પ્રતિબંધ

અનુચ્છેદ 221 – ન્યાયાધીશો ના વેતન

અનુચ્છેદ 222 – કોઇ ન્યાયાધીશ નુ એક ઉચ્ચ ન્યાયાલય થી બીજા ઉચ્ચ ન્યાયાલય મા અંતરણ (બદલી)

અનુચ્છેદ 223 – કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ ની નિયુક્તિ

અનુચ્છેદ 224 – અપર અને કાર્યકારી ન્યાયાધીશો ની નિયુક્તિ

અનુચ્છેદ 224ક – ઉચ્ચ ન્યાયાલયો ની બેઠકો મા સેવાનિવૃત ન્યાયાધીશોની નિયુક્તિ

અનુચ્છેદ 225 – વિદ્યમાન ઉચ્ચ ન્યાયાલયોની અધિકારિતા

અનુચ્છેદ 226 – અમુક રીટ કાઢવાની ઉચ્ચ ન્યાયાલયની શક્તિ

અનુચ્છેદ 226ક – (અનુચ્છેદ 226 ને અધીન કાર્યવાહીઓ મા કેન્દ્રીય વિધિઓ ની સાંવિધાનિક વૈધતા પર વિચાર ન કરવો) 43 મા સંવિધાન સંશોધન અધિનિયમ, 1977 ની ધારા 8 દ્વારા નિરસિત

અનુચ્છેદ 227 – બધા ન્યાયાલયો નુ ઉચ્ચ ન્યાયાલય દ્વારા અંતરણ

અનુચ્છેદ 228ક – રાજ્ય વિધિઓ ની સંવિધાનિક વૈધતા થી સંબંધિત પ્રશ્નો ના ઉકેલ માટે વિશેષ ઉપબંધ

અનુચ્છેદ 229 – ઉચ્ચ ન્યાયાલયો ના અધિકારી અને સેવક તથા વ્યય

અનુચ્છેદ 230 – ઉચ્ચ ન્યાયાલયો ની અધિકારિતા નો સંઘ રાજ્યક્ષેત્રો પર વિસ્તાર

અનુચ્છેદ 231 – બે અથવા બે થી વધુ રાજ્યો માટે એક ઉચ્ચ ન્યાયલય ની સ્થાપના

અધ્યાય – 6

(અધીનસ્થ ન્યાયાલય)

અનુચ્છેદ 233 – જીલ્લા ન્યાયાધીશો ની નિયુક્તિ

અનુચ્છેદ 233ક – અમુક જીલ્લા ન્યાયાધીશો ની નિયુક્તિઓ નુ અને તેના દ્વારા અપાયેલા નિર્ણયો વગેરે નુ વિધિમાન્યકરણ

અનુચ્છેદ 234 – ન્યાયિક સેવા મા જીલ્લા ન્યાયાધીશો થી ભિન્ન વ્યક્તિઓ ની ભર્તી

અનુચ્છેદ 235 – અધીનસ્થ ન્યાયાલયો પર નિયંત્રણ

અનુચ્છેદ 236 – નિર્વચન

અનુચ્છેદ 237 – અમુક વર્ગ અથવા વર્ગો ના મેજીસ્ટ્રેટો પર આ અધ્યાય ના ઉપબંધો નુ લાગૂ હોવુ

## ભાગ – 7 (પહેલી અનુસૂચિ ના ભાગ ખ ના રાજ્ય)

સાતમા સંવિધાન સંશોધન અધિનિયમ, 1956 ની ધારા 29 અને અનુસૂચિ દ્વારા નિરસિત

## ભાગ – 8 (સંઘ રાજ્યક્ષેત્ર)

અનુચ્છેદ 239 – સંઘ રાજ્યક્ષેત્રો નુ પ્રશાસન

અનુચ્છેદ 239ક – અમુક સંઘ રાજ્યક્ષેત્રો માતે સ્થાનીય વિધાન મંડળો અથવા મંત્રિ પરિષદો અથવા બન્ને નુ સૃજન

અનુચ્છેદ 239ક (1) – દિલ્લી થી સંબંધ મા વિશેષ ઉપબંધ

અનુચ્છેદ 239ક (2) – સંવિધાનિક તંત્ર વિફળ થવાની દશા મા ઉપબંધ

અનુચ્છેદ 239ખ – વિધાન મંડળ ના વિશ્રાંતિકાળ મા અધ્યાદેશ પ્રખ્યાપિત કરવાની પ્રશાસનિક શક્તિ

અનુચ્છેદ 240 – અમુક સંઘ રાજ્યક્ષેત્રો માટે વિનિયમ બનાવવાની રાષ્ટ્રપતિ ની શક્તિ

અનુચ્છેદ 241 – સંઘ રાજ્યક્ષેત્રો માટે ઉચ્ચ ન્યાયાલય

અનુચ્છેદ 242 – સાતમા સંવિધાન સંશોધન અધિનિયમ, 1956 ની ધારા 29 અને અનુસૂચિ દ્વારા નિરસિત

## ભાગ – 9 (પંચાયત)

અનુચ્છેદ 243 – પરિભાષાઓ

અનુચ્છેદ 243ક - ગ્રામ સભા

અનુચ્છેદ 243ખ – પંચાયતો નુ ગઠન

અનુચ્છેદ 243ગ – પંચાયતો ની સંરચના

અનુચ્છેદ 243ઘ – સ્થાનો નુ આરક્ષણ

અનુચ્છેદ 243ઙ – પંચાયતો ની અવધિ

અનુચ્છેદ 243ચ – સદસ્યતા માટે નિરર્હતાઓ

અનુચ્છેદ 243છ – પંચાયતો ની શક્તિઓ, પ્રાધિકાર અને ઉત્તરદાયિત્વ

અનુચ્છેદ 243જ – પંચાયતો દ્વારા કર અધિરોપિત કરવાની શક્તિઓ અને તેની નિધિઓ

અનુચ્છેદ 243ઝ – વિત્તીય સ્થિતિ ના પુનર્વિલોકન માટે વિત્ત આયોગ નુ ગઠન

અનુચ્છેદ 243ઞ – પંચાયતો ના લેખાઓ ની સંપરીક્ષા

અનુચ્છેદ 243ટ – પંચયતો માટે નિર્વાચન

અનુચ્છેદ 243ઠ – સંઘ રાજ્યક્ષેત્રો મા લાગૂ થવુ

અનુચ્છેદ 243ડ – આ ભાગ ના કતિપય ક્ષેત્રો મા લાગૂ ન થવુ

અનુચ્છેદ 243ઢ – વિદ્યમાન વિધિઓ અને પંચાયતો નુ બન્યુ રહેવુ

અનુચ્છેદ 243ણ – નિર્વાચન સંબંધી મામલાઓ મા ન્યાયાલયો ના હસ્તક્ષેપ નુ વર્જન

ભાગ – 9ક (નગરપાલિકાઓ)

અનુચ્છેદ 243ત – પરિભાષાઓ

અનુચ્છેદ 243થ – નગરપાલિકાઓ નુ ગઠન

by R. I. Jadeja

અનુચ્છેદ 243દ – નગરપાલિકાઓ ની સંરચના
અનુચ્છેદ 243ધ – વોર્ડ સમિતિઓ વગેરે નુ ગઠન અને તેની સંરચના
અનુચ્છેદ 243ન – સ્થાનો નુ આરક્ષણ
અનુચ્છેદ 243પ – નગરપાલિકાઓ ની અવધિ વગેરે
અનુચ્છેદ 243ફ – સદસ્યતા માટે નિરર્હતાઓ
અનુચ્છેદ 243બ – નગરપાલિકાઓ વગેરે ની શક્તિઓ, પ્રાધિકાર અને ઉત્તરદાયિત્વ
અનુચ્છેદ 243ભ – નગરપાલિકાઓ દ્વારા કર અધિરોપિત કરવાની શક્તિઓ અને તેની નિધિઓ
અનુચ્છેદ 243મ – વિત્ત આયોગ
અનુચ્છેદ 243ય – નગરપાલિકાઓ ના લેખાઓ ની સંપરીક્ષા
અનુચ્છેદ 243ય(ક) – નગરપાલિકાઓ માટે નિર્વાચન
અનુચ્છેદ 243ય(ખ) – સંઘ રાજ્યક્ષેત્રો મા લાગૂ થવુ
અનુચ્છેદ 243ય(ગ) – આ ભાગ ના કતિપય ક્ષેત્રો મા લાગૂ ન થવુ
અનુચ્છેદ 243ય(ઘ) – જીલ્લા યોજના માટે સમિતિ
અનુચ્છેદ 243ય(ડ) – મહાનગર યોજના માટે સમિતિ
અનુચ્છેદ 243ય(ચ) – વિદ્યમાન વિધિઓ અને નગરપાલિકાઓ નુ બન્યુ રહેવુ
અનુચ્છેદ 243ય(છ) – નિર્વાચન સંબંધી મામલાઓ મા ન્યાયાલયના હસ્તક્ષેપ નુ વર્જન

## ભાગ – 10 (અનુસૂચિત અને જનજાતિ ક્ષેત્ર)

અનુચ્છેદ 244 – અનુસૂચિત ક્ષેત્રો અને જનજાતિ ક્ષેત્રો નુ પ્રશાસન
અનુચ્છેદ 244ક – અસમ ના અમુક જનજાતિ ક્ષેત્રો ને સમાવિષ્ટ કરનારુ એક સ્વશાસી રાજ્ય બનાવવુ અને તેના માટે સ્થાનીય વિધાન મંડળ અથવા મંત્રિ પરિષદ અથવા બન્ને નુ સૃજન

## ભાગ – 11 (સંઘ અને રાજ્યો વચ્ચે સંબંધ)

અધ્યાય – 1 (વિધાયી સંબંધ)
વિધાયી શક્તિઓનુ વિતરણ
અનુચ્છેદ 245 – સંસદ દ્વારા અને રાજ્યોના વિધાન મંડળો દ્વારા બનાવાયેલી વિધિઓ નો વિસ્તાર
અનુચ્છેદ 246 – સંસદ દ્વારા અને રાજ્યોના વિધાન મંડળો દ્વારા બનાવાયેલી વિધિઓ ની વિષય વસ્તુ
અનુચ્છેદ 247 – અમુક વધારાના ન્યાયાલયો ની સ્થાપના નો ઉપબંધ કરવાની સંસદ ની શક્તિ
અનુચ્છેદ 248 – અવશિષ્ટ વિધાયી શક્તિઓ
અનુચ્છેદ 249 – રાજ્ય સૂચિ મા ના વિષય ના સંબંધ મા રાષ્ટ્રીય હિત મા વિધિ બનાવવાની સંસદ ની શક્તિ
અનુચ્છેદ 250 – જો આપાત ની ઘોષણા પ્રવર્તન મા હોય તો રાજ્ય સૂચિ ના વિષયના સંબંધ મા વિધ બનાવવાની સંસદ ની શક્તિ
અનુચ્છેદ 251 – સંસદ દ્વારા અનુચ્છેદ 249 અને અનુચ્છેદ 250 ને અધીન બનાવાયેલી વિધિઓ અને રાજ્યો ના વિધાન મંડળો દ્વારા બનેલી વિધિઓ મા અસંગતિ



Downloaded from www.RIJADEJA.com

અનુચ્છેદ 252 – બે અથવા બે થી વધુ રાજ્યો માટે તેની સહમતિ થી વિધિ બનાવવાની સંસદ ની શક્તિ અને આવી વિધિ નુ કોઇ અન્ય દ્વારા અંગીકાર કરવુ
અનુચ્છેદ 253 – આંતરરાષ્ટ્રીય કરારો ને પ્રભાવી કરવા માટે વિધાન
અનુચ્છેદ 254 – સંસદ દ્વારા બનાવાયેલી વિધિઓ અને રાજ્યો ના વિધાન મંડળો દ્વારા બનાવાયેલી વિધિઓ મા અસંગતિ
અનુચ્છેદ 255 – ભલામણો અને પૂર્ણ મંજુરી વિશે અપેક્ષાઓ ને ફક્ત પ્રક્રિયા નો વિષય માનવો

અધ્યાય – 2 (પ્રશાસનિક સંબંધ)
સાધારણ
અનુચ્છેદ 256 – રાજ્યો ની અને સંઘ ની બાધ્યતા
અનુચ્છેદ 257 – અમુક દશાઓ મા રાજ્યો પર સંઘ નુ નિયંત્રણ
અનુચ્છેદ 257ક – (સંઘ ના સશસ્ત્ર બળો અથવા અન્ય બળો ના અભિનિયોજન દ્વારા રાજ્યો ની સહાયતા) 44 મા સંવિધાન સંશોધન અધિનિયમ, 1978 ની ધારા 33 દ્વારા નિરસિત
અનુચ્છેદ 258 – અમુક દશાઓ મા રાજ્યો ને શક્તિ પ્રદાન કરવાની સંઘ ની શક્તિ
અનુચ્છેદ 258ક – સંઘ ને કૃત્ય સોંપવાની રાજ્યોની શક્તિ
અનુચ્છેદ 259 – (પહેલી અનુસૂચિ ના ભાગ ખ ના રાજ્યો ના સશસ્ત્ર બળ) સાતમા સંવિધાન સંશોધન અધિનિયમ, 1956 ની ધારા 29 અને અનુસૂચિ દ્વારા નિરસિત
અનુચ્છેદ 260 – ભારત ની બહાર ના રાજ્યક્ષેત્રો ના સંબંધ મા સંઘ ની અધિકારિતા
અનુચ્છેદ 261 – સાર્વજનિક કાર્ય, અભિલેખ અને ન્યાયિક કાર્યવાહિઓ

જળ સંબંધી વિવાદ
અનુચ્છેદ 262 – આંતરરાજ્યિય નદીઓ ના જળ સંબંધી વિવાદો નુ ન્યાયનિર્ણયન
રાજ્યો વચ્ચે સમન્વય
અનુચ્છેદ 263 – આંતરરાજ્યિય પરિષદ ના સંબંધ મા ઉપબંધ

## ભાગ – 12 (વિત્ત, સંપતિ, સંવિદાઓ અને વાદ)

અધ્યાય – 1 (વિત્ત)
સાધારણ
અનુચ્છેદ 264 – નિર્વચન
અનુચ્છેદ 265 – વિધિ ના પ્રાધિકારો વિના કરો નુ અધિરોપણ ન કરવુ
અનુચ્છેદ 266 – ભારત અને રાજ્યો ની સંચિત નિધિઓ અને લોક લેખા આકસ્મિકતા નિધિ
અનુચ્છેદ 267 – આકસ્મિક નિધિ

સંઘ અને રાજ્યો વચ્ચે રાજસ્વ નુ વિતરણ
અનુચ્છેદ 268 – સંઘ દ્વારા ઉઘરાવવાના પરંતુ રાજ્ય દ્વારા સંગૃહિત અને વિનિયોજિત કરનારા શુલ્ક

અનુચ્છેદ 268એ – સંઘ દ્વારા ઉઘરાવવાના અને સંઘ તથા રાજ્યો દ્વારા સંગૃહિતાને વિનિયોજિત કરનારા કર

અનુચ્છેદ 269 – સંઘ દ્વારા ઉઘરાવવાના અને સંગૃહિત પરંતુ રાજ્યો ને સોંપવાના કર

અનુચ્છેદ 270 – સંઘ દ્વારા ઉઘરાવવાના અને સંગૃહિત તથા રાજ્યો વચ્ચે વહેંચાનારા કર

અનુચ્છેદ 271 – અમુક શુલ્કો અને કરો પર સંઘ ના પ્રયોજનો માટે અધિભાર

અનુચ્છેદ 272 – નિરસિત

અનુચ્છેદ 273 – જૂટ પર અને જૂટ ઉત્પાદો પર નિર્યાત શુલ્ક ના સ્થાન પર અનુદાન

અનુચ્છેદ 274 – એવા કરાધાન જેમા રાજ્ય હિતબદ્ધ હોય, પ્રભાવ પાડનારા વિધેયકો ની રાષ્ટ્રપતિ ની પૂર્વ ભલામણ ની અપેક્ષા

અનુચ્છેદ 275 – અમુક રાજ્યો ને સંઘ થી અનુદાન

અનુચ્છેદ 276 – વૃતિઓ, વ્યાપારો, આજીવિકાઓ અને નિયોજન પર કર

અનુચ્છેદ 277 – વ્યાવૃતિ

અનુચ્છેદ 278 – (અમુક વિત્તીય વિષયો ના સંબંધ મા પહેલી અનુસૂચિ ના ભાગ ખ ના રાજ્યો થી કરાર) સાતમા સંવિધાન સંશોધન અધિનિયમ, 1956 ની ધારા 29 અને અનુસૂચિ દ્વારા નિરસ્ત

અનુચ્છેદ 279 – શુદ્ધ આગમ આદિ ની ગણના

અનુચ્છેદ 280 – વિત્ત આયોગ

અનુચ્છેદ 281 – વિત્ત આયોગ ની ભલામણો

અનુચ્છેદ 282 – સંઘ અથવા રાજ્ય દ્વારા પોતાના રાજસ્વ થી કરાયેલો વ્યય

અનુચ્છેદ 283 – સંચિત નિધિઓ, આકસ્મિક્તા નિધિઓ અને લોક લેખાઓ મા જમા ધનરાશિઓ ની અભિરક્ષા વગેરે

અનુચ્છેદ 284 – લોક સેવકો અને ન્યાયાલયો દ્વારા પ્રાપ્ત વાદકર્તાઓ ની જમા રાશિઓ અને અન્ય ધનરાશિઓ ની અભિરક્ષા

અનુચ્છેદ 285 – સંઘ ની સંપતિ ને રાજ્ય ના કરાધાન થી છૂટ

અનુચ્છેદ 286 – માલ ના ક્રય અથવા વિક્રય પર કર ના અધિરોપણ વિશે નિર્બંધન

અનુચ્છેદ 287 – વિદ્યુત પર કરો થી છૂટ

અનુચ્છેદ 288 – જળ અથવા વિદ્યુત સંબંધમા રાજ્યો દ્વારા કરાધાન થી અમુક દશાઓ મા છૂટ

અનુચ્છેદ 289 – રાજ્યો ની સંપતિ અને આવક ને સંઘ ના કરાધાન થી છૂટ

અનુચ્છેદ 290 – અમુક વ્યયો અને પેંશનો ના સંબંધ મા સમાયોજન

અનુચ્છેદ 290ક – અમુક દેવસ્વમ નિધિઓ ને વાર્ષિક સંદાય

અનુચ્છેદ 291 – (શાસકો ની નિજી થૈલી ની રાશિ) 26 મા સંવિધાન સંશોધન અધિનિયમ, 1971 ની ધારા 2 દ્વારા નિરસ્ત

અધ્યાય – 2 (ઉધાર લેવુ)

અનુચ્છેદ 292 – ભારત સરકાર દ્વારા ઉધાર લેવુ

અનુચ્છેદ 293 – રાજ્યો દ્વારા ઉધાર લેવુ



Downloaded from WWW.RIJADEJA.com

અધ્યાય – 3 (સંપતિ, સંવિદાઓ, અધિકાર, દાયિત્વ, બાધ્યતાઓ અને વાદ)
અનુચ્છેદ 294 – અમુક દશાઓ મા સંપતિ, આસ્તિઓ, અધિકારો, દાયિત્વો અને બાધ્યતાઓનો ઉત્તરાધિકાર
અનુચ્છેદ 295 – અન્ય દશાઓ મા સંપતિ, આસ્તિઓ, અધિકારો, દાયિત્વો અને બાધ્યતાઓનો ઉત્તરાધિકાર
અનુચ્છેદ 296 – રાજગામી અથવા વ્યપગત અથવા સ્વામીવિહીન હોવાથી પ્રોદભૂત સંપતિ
અનુચ્છેદ 297 – રાજ્યક્ષેત્રીય સાગર ખંડ અથવા મહાદ્વીપ મગ્નતટ ભૂમિ મા સ્થિત મૂલ્યવાન ચીજો અને અનન્ય આર્થિક ક્ષેત્રો ના સંપતિ સ્ત્રોતો નુ સંઘ મા નિહિત થવુ
અનુચ્છેદ 298 – વ્યાપાર કરવા વગેરે ની શક્તિ
અનુચ્છેદ 299 – સંવિદાઓ
અનુચ્છેદ 300 – વાદ અને કાર્યવાહિઓ

## ભાગ – 13 (ભારતના રાજ્ય ક્ષેત્ર ની અંદર વ્યાપાર, વાણિજ્ય અને સમાગમ)

અનુચ્છેદ 301 – વ્યાપાર, વાણિજ્ય અને સમાગમ ની સ્વતંત્રતા
અનુચ્છેદ 302 – વ્યાપાર, વાણિજ્ય અને સમાગમ પર નિર્બંધન અધિરોપિત કરવાની સંસદ ની શક્તિ
અનુચ્છેદ 303 – વ્યાપાર, વાણિજ્ય ના સંબંધ મા સંઘ અને રાજ્યો ની વિધાયી શક્તિઓ પર નિર્બંધન
અનુચ્છેદ 304 – રાજ્યો વચ્ચે વ્યાપાર, વાણિજ્ય અને સમાગમ પર નિર્બંધન
અનુચ્છેદ 305 – વિદ્યમાન વિધિઓ અને રાજ્ય ના એકાધિકાર નો ઉપબંધ કરનારી વિધિઓ ની વ્યાવૃતિ
અનુચ્છેદ 306 – (પહેલી અનુસૂચિ ના ભાગ ખ ના અમુક રાજ્યો ની વ્યાપાર અને વાણિજ્ય પર નિર્બંધનો ને અધિરોપણ કરવાની શક્તિ) સાતમા સંવિધાન સંશોધન અધિનિયમ, 1956 ની ધારા 29 અને અનુસૂચિ દ્વારા નિરસિત
અનુચ્છેદ 307 – અનુચ્છેદ 301 થી અનુચ્છેદ 304 ના પ્રયોજનો ને કાર્યાન્વિત કરવા માટે પ્રાધિકારી ની નિયુક્તિ

## ભાગ – 14 (સંઘ અને રાજ્યોને અધીન સેવાઓ)

અનુચ્છેદ 308 – નિર્વચન
અનુચ્છેદ 309 – સંઘ અથવા રાજ્ય ની સેવા કરનારા વ્યક્તિઓ ની ભર્તી ની સેવા ની શર્તો
અનુચ્છેદ 310 – સંઘ અથવા રાજ્ય ની સેવા કરનારા વ્યક્તિઓ ની પદાવધિ
અનુચ્છેદ 311 – સંઘ અથવા રાજ્ય ને અધીન સિવિલ હૈસિયત મા નિયોજિત વ્યક્તિઓ ને પદચ્યુત કરવા, પદથી હટાવવા અથવા પંક્તિ મા અવનત કરવા
અનુચ્છેદ 312 – અખિલ ભારતીય સેવાઓ
અનુચ્છેદ 312ક – અમુક સેવાઓ ના અધિકારીઓ ની સેવા શર્તો મા પરિવર્તન માટે અથવા તેને પ્રતિસંહત કરવા ની સંસદ ની શક્તિ
અનુચ્છેદ 313 – સંક્રમણકાલીન ઉપબંધ
અનુચ્છેદ 314 – (અમુક સેવાઓ ના વિદ્યમાન અધિકારીઓ ના સંરક્ષણ માટે ઉપબંધ) 28 મા સંવિધાન સંશોધન અધિનિયમ, 1972 ની ધારા 3 દ્વારા નિરસિત
અધ્યાય – 2 (લોક સેવા આયોગ)
અનુચ્છેદ 315 – સંઘ અને રાજ્યો માટે લોક સેવા આયોગ
અનુચ્છેદ 316 – સદસ્યો ની નિયુક્તિ અને પદાવધિ



Downloaded from WWW.RIJADEJA.com

અનુચ્છેદ 317 – લોક સેવા આયોગ ના કોઇ સદસ્ય ને હટાવવો અને નિલંબિત કરવો

અનુચ્છેદ 318 – આયોગ ના સદસ્યો અને કર્મચારીવૃંદ ની સેવા ની શર્તો વિશે વિનિયમ બનાવવાની શક્તિ

અનુચ્છેદ 319 – આયોગ ના સદસ્યો દ્વારા એવા સદસ્ય ન રહેવા પર પદ ધારણ કરવા સંબંધમા પ્રતિષેધ

અનુચ્છેદ 320 – લોક સેવા આયોગો ના કૃત્યો

અનુચ્છેદ 321 – લોક સેવા આયોગો ના કૃત્યો નો વિસ્તાર કરવાની શક્તિ

અનુચ્છેદ 322 – લોક સેવા આયોગો નો વ્યય

અનુચ્છેદ 323 – લોક સેવા આયોગો ના પ્રતિવેદન

ભાગ – 14ક (અધિકરણ)

અનુચ્છેદ 323ક – પ્રશાસનિક અધિકરણ

અનુચ્છેદ 323ખ – અન્ય વિષયો માટે અધિકરણ

## ભાગ – 15 (નિર્વાચન)

અનુચ્છેદ 324 – નિર્વચનો ના અધીક્ષણ, નિદેશન અને નિયંત્રણ નુ નિર્વાચન આયોગ મા નિહિત હોવુ

અનુચ્છેદ 325 – ધર્મ, મૂળવંશ, જાતિ અથવા લિંગ ના આધાર પર કોઇ વ્યક્તિ નુ નિર્વાચક નામાવલિ મા સમ્મિલિત કરવા માટે અપાત્ર ન હોવુ અને તેના દ્વારા કોઇ વિશેષ નિર્વાચક નામાવલિ મા સમ્મિલિત કરવા માટે દાવો ન કરવો

અનુચ્છેદ 326 – લોક સભા અને રાજ્ય ની વિધાન સભાઓ માટે નિર્વાચનો નુ વયસ્ક મતાધિકાર ના આધાર પર હોવુ

અનુચ્છેદ 327 – વિધાન મંડળો માટે નિર્વાચનો ના સંબંધ મા ઉપબંધ કરવાની સંસદની શક્તિ

અનુચ્છેદ 328 – કોઇ રાજ્ય ના વિધાન મંડળ માટે નિર્વાચનો ના સંબંધમા ઉપબંધ કરવાની તે વિધાન મંડળની શક્તિ

અનુચ્છેદ 329 – નિર્વાચન સંબંધી મામલાઓ મા ન્યાયાલયો ના હસ્તક્ષેપ નુ વર્જન

અનુચ્છેદ 329ક – (પ્રધાનમંત્રી અને અધ્યક્ષ ના મામલામા સંસદ માટે નિર્વાચનો વિશે વિશેષ ઉપબંધ) 44 મા સંવિધાન સંશોધન અધિનિયમ, 1978 ની ધારા 36 દ્વારા નિરસિત

## ભાગ – 16 (અમુક વર્ગો ના સંબંધમા વિશેષ ઉપબંધ)

અનુચ્છેદ 330 – લોક સભા મા અનુ. જાતિઓ અને અનુ. જનજાતિઓ માટે સ્થાનો નુ આરક્ષણ

અનુચ્છેદ 331 – લોક સભા મા આંગ્લ ભારતીય સમુદાય નુ પ્રતિનિધિત્વ

અનુચ્છેદ 332 – રાજ્યો ની વિધાન સભાઓ મા અનુ. જાતિ અને અનુ. જનજાતિઓ માટે સ્થાનો નુ આરક્ષણ

અનુચ્છેદ 333 – રાજ્યો ની વિધાન સભાઓ મા આંગ્લ ભારતીય સમુદાય નુ પ્રતિનિધિત્વ

અનુચ્છેદ 334 – સ્થાનો નુ આરક્ષણ અંર વિશેષ પ્રતિનિધિત્વ નુ પછી ન રહેવુ

અનુચ્છેદ 335 – સેવાઓ અને પદો માટે અનુ. જાતિ અને અનુ. જનજાતિ ના દાવા

અનુચ્છેદ 336 – અમુક સેવાઓ મા આંગ્લ ભારતીય સમુદાય માટે વિશેષ ઉપબંધ

અનુચ્છેદ 337 - આંગ્લ ભારતીય સમુદાય ના ફાયદા માટે શૈક્ષિક અનુદાન માટે વિશેષ ઉપબંધ

અનુચ્છેદ 338 – રાષ્ટ્રીય અનુ. જાતિ આયોગ

અનુચ્છેદ 338એ – રાષ્ટ્રીય અનુ. જનજાતિ આયોગ

અનુચ્છેદ 339 – અનુ. ક્ષેત્રો ના પ્રશાસન અને અનુ. જનજાતિઓ ના કલ્યાણ વિશે સંઘ નુ નિયંત્રણ

અનુચ્છેદ 340 – પછાત વર્ગો ની દશાઓ ની તપાસ માટે આયોગ ની નિયુક્તિ

અનુચ્છેદ 341 – અનુ. જાતિઓ

અનુચ્છેદ 342 – અનુ. જનજાતિઓ

## ભાગ – 17 (રાજભાષા)

અધ્યાય – 1

સંઘ ની ભાષા

અનુચ્છેદ 343 – સંઘ ની રાજભાષા

અનુચ્છેદ 344 – રાજભાષા ના સંબંધમા આયોગ અને સંસદની સમિતિ

અધ્યાય – 2

પ્રાદેશિક ભાષાઓ

અનુચ્છેદ 345 – રાજ્ય ની રાજભાષા અથવા રાજભાષાઓ

અનુચ્છેદ 346 – એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા રાજ્ય અને સંઘ વચ્ચે પત્રાદિ ની રાજભાષા

અનુચ્છેદ 347 – કોઇ રાજ્યની જનસંખ્યા ના કોઇ અનુભાગ દ્વારા બોલનારી ભાષા ના સંબંધ મા વિશેષ ઉપબંધ

અધ્યાય – 3

ઉચ્ચતમ ન્યાયાલય, ઉચ્ચ ન્યાયાલય વગેરે ની ભાષા

અનુચ્છેદ 348 – ઉચ્ચતમ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલયો મા અને અધિનિયમો, વિધેયકો વગેરે મા પ્રયોગ થનારી ભાષા

અનુચ્છેદ 349 – ભાષા થી સંબંધિત અમુક વિધિઓ અધિનિયમિત કરવા માટે વિશેષ પ્રક્રિયા

અધ્યાય – 5

વિશેષ નિદેશ

અનુચ્છેદ 350 – વ્યથા ના નિવારણ માટે અભ્યાવેદન મા પ્રયોગ થનારી ભાષા

અનુચ્છેદ 350ક – પ્રાથમિક સ્તર પર માતૃભાષા મા શિક્ષા ની સુવિધાઓ

અનુચ્છેદ 350ખ – ભાષાઇ અલ્પસંખ્યક વર્ગો માટે વિશેષ અધિકારી

અનુચ્છેદ 351 – હિન્દી ભાષા ના વિકાસ માટે નિર્દેશ

## ભાગ – 18 (આપાત ઉપબંધ)

અનુચ્છેદ 352 – આપાત ની ઉદઘોષણા

અનુચ્છેદ 353 – આપાત ની ઉદઘોષણા નો પ્રભાવ

અનુચ્છેદ 354 – જ્યારે આપાત ની ઉદઘોષણા પ્રવર્તતી હોય ત્યારે રાજસ્વો ના વિતરણ સંબંધ ઉપબંધો લાગૂ થવા

અનુચ્છેદ 355 – બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિ થી રાજ્ય ની સંરક્ષા કરવાનુ સંઘ નુ કર્તવ્ય
અનુચ્છેદ 356 – રાજ્યો મા સંવિધાનિક તંત્ર વિફળ થવાની દશા મા ઉપબંધ
અનુચ્છેદ 357 – અનુચ્છેદ 356 ને અધીન કરાયેલી ઉદઘોષણા ને અધીન વિધાયી શક્તિઓ નો પ્રયોગ
અનુચ્છેદ 358 – આપાત દરમિયાન અનુચ્છેદ 19 ના ઉપબંધો નુ નિલંબન
અનુચ્છેદ 359 – આપાત દરમિયાન ભાગ – 3 દ્વારા પ્રદત અધિકારો ના પ્રવર્તન નુ નિલંબન
અનુચ્છેદ 359ક – (આ ભાગ નુ પંજાબ રાજ્યમા લાગૂ હોવુ) 63 મા સંવિધાન સંશોધન અધિનિયમ, 1989 ની ધારા 3 દ્વારા નિરસિત

## ભાગ – 19 (પ્રકીર્ણ)

અનુચ્છેદ 361 – રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો અને રાજપ્રમુખો નુ સંરક્ષણ
અનુચ્છેદ 361ક – સંસદ અને રાજ્યો ના વિધાન મંડળો ની કાર્યવાહિઓ ના પ્રકાશકો નુ સંરક્ષણ
અનુચ્છેદ 362 – (દેશી રાજ્યો ના શાસકો ને અધિકાર અને વિશેષાધિકાર) 26 મા સંવિધાન સંશોધન અધિનિયમ, 1971 ની ધારા 2 દ્વારા નિરસિત
અનુચ્છેદ 363 – અમુક સંધિઓ, કરારો વગેરે થી ઉત્પન્ન વિવાદો મા ન્યાયાલયો ના હસ્તક્ષેપ નુ વર્જન
અનુચ્છેદ 363ક – દેશી રાજ્યો ના શાસકો ને અપાયેલી માન્યતા ની સમાપ્તિ અને નિજી થૈલીઓ નો અંત
અનુચ્છેદ 364 – મહાપતનો અને વિમાન ક્ષેત્રો વિશે વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 365 – સંઘ દ્વારા અપાયેલા દિશા નિર્દેશો નુ અનુપાલન કરવામા અથવા તેને પ્રભાવી કરવામા અસફળતા નો પ્રભાવ
અનુચ્છેદ 366 – પરિભાષાઓ
અનુચ્છેદ 367 – નિર્વચન

## ભાગ – 20 (સંવિધાન નુ સંશોધન)

અનુચ્છેદ 368 – સંવિધાન નુ સંશોધન કરવાની સંસદ ની શક્તિ અને તેની પ્રક્રિયા

## ભાગ – 21 (અસ્થાયી, સંક્રમણકાલીન અને વિશેષ ઉપબંધ)

અનુચ્છેદ 369 – રાજ્ય સૂચિ ના અમુક વિષયો ના સંબંધ મા વિધિ બનાવવાની સંસદ ની એવા પ્રકારની અસ્થાયી શક્તિ માનો કે તે સમવર્તી સૂચિ ના વિષય હોય
અનુચ્છેદ 370 – જમ્મૂ કાશ્મીર રાજ્ય સંબંધ મા અસ્થાયી ઉપબંધ
અનુચ્છેદ 371 – મહારાષ્ટ્ર અને ગુજરાત ના સંબંધમા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 371ક – નાગાલેન્ડ રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 371ખ – અસમ રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 371ગ – મણિપુર રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 371ઘ – આન્ધ્ર પ્રદેશ રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ

અનુચ્છેદ 371ડ – આન્ધ્ર પ્રદેશ મા કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ની સ્થાપના
અનુચ્છેદ 371ચ – સિક્કિમ રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 371છ – મિજોરમ રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 371જ – અરૂણાચલ પ્રદેશ રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 371ઝ – ગોવા રાજ્ય ના સંબંધ મા વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 372 – વિદ્યમાન વિધિઓ ને પ્રવૃત્ત બની રહેવી અને તેનુ અનુકૂલન
અનુચ્છેદ 372ક – વિધિઓ નુ અનુકૂલન કરવાની રાષ્ટ્રપતિ ની શક્તિ
અનુચ્છેદ 373 – નિવારક નિરોધ મા રખાયેલા વ્યક્તિઓ ના સંબંધમા અમુક દશાઓ મા આદેશ કરવાની રાષ્ટ્રપતિ ની શક્તિ
અનુચ્છેદ 374 – ફેડરલ ન્યાયાલય ના ન્યાયાધીશો અને ફેડરલ ન્યાયાલય અથવા સપરિષદ હિજ મેજેસ્ટ્રી ના સમક્ષ લંબિત કાર્યવાહિઓ ના વિષય મા ઉપબંધ
અનુચ્છેદ 375 – સંવિધાન ના ઉપબંધો ને અધીન રહી ન્યાયાલયો, પ્રાધિકારીઓ અને અધિકારીઓ ના કૃત્ય કરતા રહેવા
અનુચ્છેદ 376 – ઉચ્ચ ન્યાયાલયો ના ન્યાયાધીશો વિશે ઉપબંધ
અનુચ્છેદ 377 – ભારત ના નિયંત્રક મહાલેખાપરિક્ષક વિશે ઉપબંધ
અનુચ્છેદ 378 – લોક સેવા આયોગો વિશે ઉપબંધ
અનુચ્છેદ 378ક – આન્ધ્ર પ્રદેશ વિધાન સભા ની અવધિ વિશે વિશેષ ઉપબંધ
અનુચ્છેદ 379-391 – સાતમા સંવિધાન સંશોધન અધિનિયમ, 1956 ની ધારા 29 અને અનુસૂચિ દ્વારા નિરસિત
અનુચ્છેદ 392 – કઠણાઇઓ ને દૂર કરવાની રાષ્ટ્રપતિ ની શક્તિ

## ભાગ – 22 (સંક્ષિપ્ત નામ, પ્રારંભ, હિન્દી મા પ્રાધિકૃત પાઠ અને નિરસન)

અનુચ્છેદ 393 – સંક્ષિપ્ત નામ
અનુચ્છેદ 394 – પ્રારંભ
અનુચ્છેદ 394ક – હિન્દી ભાષા મા પ્રાધિકૃત પાઠ
અનુચ્છેદ 395 – નિરસન

Downloaded from WWW.RIJADEJA.com